# Official Spokesperson's response to media queries on inauguration of road on 8th May in Pithoragarh district, Uttarakhand

May 09, 2020

# ઉત્તરાખંડમાં પિથોરાગઢ જીલ્લામાં 8 મે નાં રોજ રોડનાં ઉદ્‌ઘાટન પર મીડિયાનાં પ્રશ્નો પર અધિકૃત પ્રવક્તાનો પ્રતિભાવ

મે 09, 2020

**ઉત્તરાખંડમાં પિથોરાગઢ જીલ્લામાં 8 મે નાં રોજ રોડનાં ઉદ્‌ઘાટન પર મીડિયાનાં સવાલોનાં પ્રતિભાવમાં, અધિકૃત પ્રવક્તાએ નીચે મુજબ કહ્યું હતું:**

ભારતમાં રોડનાં ઉદ્‌ઘાટનનાં સંબંધમાં નેપાળનાં વિદેશ મંત્રાલય દ્વારા 9 મે 2020 નાં રોજ જારી કરવામાં આવેલા પ્રેસ રીલીઝને અમે જોયું છે.

ઉત્તરાખંડ રાજ્યમાં પિથોરાગઢ જીલ્લામાં તાજેતરમાં ઉદ્‌ઘાટન કરવામાં આવેલા રોડનો ભાગ સંપૂર્ણ રીતે ભારતનાં પ્રદેશની અંદર આવેલો છે. આ રોડ કૈલાસ માનસરોવર યાત્રાનાં યાત્રાળુઓ દ્વારા ઉપયોગમાં લેવામાં આવતા પૂર્વ-પ્રવર્તમાન માર્ગ પર આવેલો છે. વર્તમાન પરિયોજના અંતર્ગત, આ રોડ યાત્રાળુઓ, સ્થાનિકો અને વ્યાપારીઓની સરળતા અને સગવડતા માટે સુગમતા રહે તે માટે બનાવવામાં આવ્યો છે.

સીમાની તમામ બાબતોનો ઉકેલ મેળવવા માટે ભારત અને નેપાળ દ્વારા યંત્રણા સ્થાપિત કરવામાં આવી છે. નેપાળ સાથે સીમા આલેખન કવાયત ચાલુ છે. ભારત રાજદ્વારી સંબંધો મારફત અને નેપાળ સાથે આપણા નિકટનાં અને મૈત્રીપૂર્ણ દ્વિપક્ષીય સંબંધોની ભાવના સાથે સીમાનાં પડતર મુદ્દાઓનું નિરાકરણ લાવવા માટે ભારત કટિબદ્ધ છે.

બન્ને પક્ષો વિદેશ સચિવ સ્તરનાં વાર્તાલાપોનું સમયપત્રક બનાવવાની પ્રક્રિયામાં પણ છે જે બન્ને સોસાયટીઓ અને સરકારો કોવિડ-19 મહામારીનાં પડકારોનો સફળતાપૂર્વક સામનો કરે પછી તારીખો નક્કી કર્યા બાદ યોજવામાં આવશે.

**નવી દિલ્હી**
**મે 09, 2020**

DISCLAIMER: This is an approximate translation. The original is available in English on MEA’s website and may be referred to as the official press release.